સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

અહંમાં રહીને, આંખની શરમ રાખતા નથી,
સર્જકો મલાજો મોતનો, પરમ રાખતા નથી,
નરમ પડતા નથી, રહે પદના ભરમમાં -
અંગત વેરઝેરમાં, ધરમ સાચવતા નથી...

હાઈકુ

ઘાસ-ગંજીએ,
બેઠાં મનપા ધ્યાન -
ગ્રાંટ દબાવી...
(ન વાપરી - ન વિકાસ)

નિરાશા વચ્ચે,
થઈ અટકાયત -
આશા વર્કર્સ...
(હતાશ બહેનો...)

ચિંતન

કોષ પૂર્વાઃ સર્વારમ્ભાઃ ।
તસ્માત્ પૂર્વ કોષમવેશ્રેત્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેટમાંથી લેવામાં આવેલ છે.

કોઈ પણ રાજયમાં બધાં જ કાર્યો તેના કોષ પર આધારિત છે. તેથી જ (દરેક) રાજાએ પહેલાં કોષ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

રાજયનો કારભાર શેનાથી ચાલે ? કોષ અર્થાત્ રાજય પાસેના ઉપલબ્ધ ધનથી. જો રાજયધન ખૂટી જાય તો સમગ્ર અર્થતંત્ર ભાંગી પડે અને એમ થતાં શાસન વ્યવસ્થાના ભૂક્કા નીકળી જાય. એથી જ રાજાને આચાર્યની સલાહ છે કે રાજાએ સૌથી પહેલું ધ્યાન કોષ ઉપર આપવું.

આજકાલ પ્રજાની જ્ઞાતિ-સમાજની અક્કલ વગરની માગણીઓ, બેન્ક કે સરકારી કર્મચારીઓની માગણીઓ ડૉકટર્સ-ઈજનેરના વેતન ભથ્થાં, અને પ્રજાકીય સુવિધાઓ સાચવી 'મતદારો' ખૂશ કરવા મથતી સરકારો પોતાની આવક અને તિજોરી તરફ દૃષ્ટિ રાખતી નથી પરિણામે લેણા-ઉધાર-લોન દ્વારા પ્રજાનું માથાદીઠ ઋણભારત વધે છે. પરિણામે મોંઘવારીનું વિષચક્ર વધે છે. આવક-બચતન પ્રમાણે પગ લાંબા કરવા જોઈએ.

સુવિચાર

- રાફડા ઉપર લાકડી પછાડવાથી અંદર રહેલા સર્પને હણી શકાતો નથી - **ભગવદ્ ગીતા**
- વાઘનું બચ્ચું જયાં સુધી એ ખુદ વાઘ છે એવું નહિ અનુભવે ત્યાં સુધી તે એક સાધારણ શિયાળ જેટલું પણ સામર્થ્ય નહીં દાખવી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- નમ્રતા મને બહુ ફાવતી નથી કારણ કે નમ્રતા દંભની માતા છે, ઘણીવાર બુદ્ધિ નમ્રતાનું કવચ પહેરી લે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- જિસકો કછુના ચાહિએ વો શાહન કા બી શાહ - **કબીર**
- તમારા ખીસ્સા ભરેલા હોય ત્યારે સંમમી થવું મુશ્કેલ છે - **મલેશિયન કહેવત**
- વિવેક વિનાની વીરતા મહાસમુદ્રની લહેરોમાં નાની હોડની જેમ ડૂબી જાય છે - **બેકન**
- આજનું ઔષધ : નિર્મળી ના બી મધમાં ઘસીને આંજવાથી આંજણીમાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આ જગતમાં ઘણું બધું ન સાંભળવા સમજવા જેવું સાંભળવું પડે છે - લાચારીપૂર્વક જવાબ કે વાદ-વિવાદ કરવા પડે છે એના કરતાં ન સાંભળનાર ખૂબ સુખી છે :

મહાન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસનને ઘરે એક પત્રકાર તેમનો ઈન્ટરવ્યુ લેવા આવ્યો. એણે શોધો વિશે વિજ્ઞાન વિશે ઘણા પ્રશ્નો પૂછ્યા. પછી એક અંગત સવાલ પૂછ્યો. પત્રકારે પૂછ્યું 'નાનપણથી આપ પચાસ ટકા બહેરાશથી પીડિત છો. તમને આ બહેરાશ શાપરૂપ નથી લાગતી? એડિસને જવાબ આપ્યો' 'ના, ભાઈ, આ બહેરાશ તો મને આશીર્વાદ રૂપ લાગે છે. બહેરાશને કારણે હું ગામગપાટા કરવાને બદલે વાંચન - સિંચન સંશોધનમાં મારો સમય પસાર કરી શકું છું!! વળી પત્રકારે પૂછ્યું. 'તમે કાને સાંભળવાના કોઈ યંત્રની શોધ કેમ નથી કરી??'

થોમસ આલ્વા એડિસને જવાબ આપ્યો 'જેના વિના ચાલે નહીં એવું કેટલું તમે ચોવીસ કલાકમાં સાંભળ્યું હશે ? જગતમાં જે કંઈ બોલાય છે તે બધું જ સાંભળવા જેવું હોય છે ખરું ? અને અસત્ય તો ધીમા સાદમાંય હોય છે. જયારે ઊંચા સાદમાં બોલનારો કદી જૂઠું બોલતો નથી. બસ, હું ઊંચો સાદ જ સાંભળું છું, બોલો, ઈશ્વરના આ કેવા મોટા આશીર્વાદ છે.'

સુરક્ષાદળોને દેશની સલામ છે

તંત્રીસ્થાનેથી...

જમ્મુ અને કાશ્મીરમાં ખીણ વિસ્તારની યુવા પેઢી આતંકવાદીઓ સાથે સહાનુભૂતિ રાખતી થઈ ગઈ છે. બડગામ જિલ્લામાં આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અગિયાર કલાક લગી મૂઠભેડ ચાલી જેમાં એક આતંકી સહિત ત્રણ સ્થાનિક યુવાનો સીઆરપીએફની કામગીરી દરમિયાન ઠાર થયા હોવાના સમાચાર છે. સ્થાનિક લોકો આતંકવાદીઓને આશ્રય આપે છે, પોષે છે અને જયારે સુરક્ષા દળો એમની ભાળ મેળવીને એમનો કબજો મેળવવા આવે છે ત્યારે લોકો આતંકવાદીઓની ઢાલ બની જઈ સુરક્ષાદળો પર પથ્થરમારો કરે છે. આવી પરિસ્થિતિ જમ્મુ અને કાશ્મીરમાં છેલ્લા કેટલાંક વર્ષોથી વકરતી જાય છે. એનો ભોગ સુરક્ષા દળોના જવાનો બનતા રહ્યા છે. પોતાના જાનની પરવા કર્યા વિના સરહદોની અને પ્રજાના જાનમાલની રક્ષા કરવા કટિબદ્ધ જવાનો આવા આતંકવાદીઓનાં છુપાવવાં સ્થળો પર ત્રાટકે ત્યારે પ્રજાજનોએ તો એમને સહકાર આપવો જોઈએ. એને બદલે તેઓ દેશદ્રોહી આતંકીઓની તરફદારી કરે છે અને સુરક્ષાદળના જવાનોના કામમાં અવરોધ ઊભો કરે છે. રાજયમાં મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીની કાર અને કાફલા પર પણ હુમલા થતા રહે છે. મુખ્ય પ્રવાહ સાથે જોડાઈ રાજયના વિકાસમાં સાથ આપવાની યુવાનોને કરાતી રહેતી એમની અપીલની પ્રજાજનો પર કોઈ જ અસર થતી નથી. આવા સંજોગોમાં પ્રજાજનોમાંથી પણ પથ્થરમારો કરનારાઓ પર નાછૂટકે ગોળીબાર કરવાની સુરક્ષાદળોને ફરજ પડે તે સમજી શકાય એમ છે. કાશ્મીરનો પ્રશ્ન સળગતો રાખવામાં આવી ઘટાઓ પેટ્રોલમાં ગરજ સારે છે. પાકિસ્તાન અને તેની ખુલ્લી તરફેણ કરતા પાડોશી રાષ્ટ્ર ચીન માટે આ દુનિયા આખી સમક્ષ ભારતીય સેના દ્વારા કરાતા અત્યાચારની દુહાઈ માટેની હાથવગી દલીલ બની જાય છે. આમાં સૌથી વધુ બદનામ થાય છે. આપણા સુરક્ષાદળો, જે ફક્ત પોતાને સોંપાયેલ સરહદ સુરક્ષાની નિષ્ઠાપૂર્વજ ફરજ બજાવતાં બજાવતાં ઘાયલ થાય છે અને જાન પણ ગુલામે છે. બડગામ એન્કાઉન્ટરમાં સંખ્યાબંધ સીઆરપીએફ જવાનોને ઈજા થવા પામી છે, છતાં કાશ્મીર ખીણની પ્રજા તો પેલા રાષ્ટ્રદ્રોહી આતંકીઓની જ તરફેણ કરે છે. પાકિસ્તાન પ્રેરિત આતંકીઓને કાશ્મીરના અલગતાવાદી નેતાઓનું સતત સમર્થન સાંપડતું રહ્યું છે. વળી આ અલગતાાદીઓ પ્રત્યે મરહૂમ મુફ્તી મોહંમદ સઈદથી લઈ એમનાં રાજકીય વારસ મહેબૂબા મુફ્તી પણ 'સોફ્ટ કૉર્નર' ધરાવતાં રહ્યાં છે. વર્તમાન મહેબૂબા સરકાર સાથે ભારતીય જનતા પાર્ટી પર જોડાયેલી છે. સત્તામાં ભાગીદારી કરતી હોવા છતાં આ સરહદી રાજયમાં ભાજપા એની રાષ્ટ્રવાદી રાજયમંત્રી હંજરાજ આહીરે પેરા મિલિટરી ફોર્સિસના જવાનો ફરજ પર મૃત્યુ પામશે તો એમને પણ આર્મીના જવાનોની જેમ 'શહીદ'નો દરજ્જો અપાશે, એવી જાહેરાત કરીને સુરક્ષાદળોની વર્ષો જૂની માગણી માન્ય રાખી છે. ખરું જોતાં સેનાની ત્રણે પાંખો જેટલી જ બલકે એથી પણ વધુ જોખમી કામગીરી બજાવતાં બીએસએફ, સીઆરપીએફ કે રાષ્ટ્રીય રાઈફલ્સ જેવા પેરામિલિટરી - અર્ધલશ્કરી દળો આવા દરજ્જા માટે પહેલાંથી જ લાયક ગણાવાં જોઈતાં હતાં. મોડે મોડે પણ કેન્દ્ર સરકારે કરેલ નિર્ણયને આવકારીએ.

આસું ઉપર આ કોના નખથી થઈ નિશાની?

મનના ઉમંગો

રણછોડ પરમાર

તા. ૨૩.૦૩.૨૦૧૭ના અંકમાં આપણે સ્વ. ચિનુભાઈ મોદીના ગઝલસંગ્રહ 'આઘા પાછા શ્વાસ'માં સમાયેલા ખાસ કરીને મૃત્યુ વિષયક શેરોની કેલીક વાત કરી હતી. તેમાં છતાં 'આઘા પાછા શ્વાસ'ના જ આવા બધા શેરની વાત થઈ શકી ન હતી. આજે એમના અન્ય કાવ્યસંગ્રહમાંથી કેટલાંક જુદા પ્રકારના કાવ્યોની વાત કરવાની ઈચ્છા છે. આશા રાખું છું કે આપણને ગમશે. હવે નીચે આપેલા શેરની ધ્યાનથી વાંચો :

શ્વાસમાં છલકાય છાની ગંધ તો?
ને બધે ચર્ચાય આ સંબંધ તો ?
કાંટા કનેથી ક્યાં સુવાસ માંગુ છું?
દિલમાં તમારાં હું નિવાસ માંગુ છું.
બે નયન પાછાં પ્રણય જો આદરે તો શું ?
બે કમળ જળનાં સરોવરમાં તરે તો શું ?
ડર મને ચારો જ થોડો હોય છે,
કાચમાં ચ્હેરાને જોવો હોય છે.
મોર ત્રોફાવ્યે પડે વરસાદ, ભૈ
સ્હેજ સમજણ રાખી કરવામાં કામ, ભૈં.
જેમને લીધે થયો 'ઈર્શાદ' તું,
એમને કયારેય આવે યાદ તું ?

સ્વ. ચિનુ મોદીને ફક્ત 'છે' રદીફવાળી ગઝલો ભેગી કરીએ તોયે એક અલગ સંગ્રહ થઈ શકે.

સાંજડના વેળાનો સન્નાટો છે એ,
એક જૂના ઘરનો દરવાજો છે એ.
ક્યાં કહું છું, દોડતું આકાશ દે?
ખાલીપો ફંગોળતું આકાશ દે.

ઉપર લખેલા શેરો ધ્યાનથી જોતાં તમને સમજાવ્યું હશે એ બધી ગઝલોમાં સ્વ. ચિનુ મોદીએ કેવળ એક અક્ષરના રદીફનો ઉપયોગ કર્યો છે. તું, તો, છું, તું, જેવા એકાક્ષરી રદીફો તેમને વધારે ફાવે છે. એ માટે પણ લાંબા રદીફનો શાયર નથી. એમની કહેવાની રીત એકદમ સરળ છે પણ સાવ સાદી ભાષામાં અકથ્ય વેદના ઘૂંટવામાં એ ઉસ્તાદ છે. જૂઓ નીચેના શેર -

ટેવવશ કે લાગણીવશ શી ખબર ?
પણ હજી સ્હોરાય મન તારા વગર.
'ઈર્શાદ' તારો વાંક છે, તારી જ ભૂલ છે.
જેને અને તેને હૃદયમાં સંઘરીશ નહીં.
કોને કહુ આ ઠંડીમાં ?
હાથ જરા હૂંફાળો કર.
ક્યારેક તારી બંધ મુઠ્ઠી ખોલને,
'ઈર્શાદ' તું સમજાય એવું બોલને.
ભીંત પર એકાદ એવી છે છબી,
હું ઉતારું છું, ઊતરતી પણ નથી.

ઉપરના ચોટદાર શેરો વાંચ્યા પછી એવું ના માનતા કે સ્વ. ચિનુ મોદી ફક્ત ગઝલો જ લખતા હશે. અગાઉના શાયરો ફક્ત ગઝલો જ લખતા અને મુશાયરાઓમાં લલકાર્યા હતા. સ્વ. ચિનુ મોદી તે માંહેના તેમણે મસ્તીલા ગીતો પણ લખ્યાં છે, એક નમૂનો જોઈએ -

સ્વ. ચિનુ મોદી બોલચાલની ભાષાનાં કેવો સફળ ઉપયોગ કરે છે, તે જુઓ. અછાંદસમાં પણ તેમણે આ ખૂબી સુપેરે જાળવી છે. તેમના બહુ ચર્ચાયેલા 'ઓચ્છવલાલ' કાવ્યનો પ્રારંભ સાંભળો -

કહી ગયા છે ઓચ્છલાવ
જે નરનારી ખાય બગાસું
એના મુખમાં આવી પડશે.
એક પતાસું

અનુસંધાન પાના નં. ૭ પર

ઝવેરચંદ મેઘાણી સંપાદિત સંતસાહિત્ય અને 'સોરઠી સંતવાણી'

સૌરાષ્ટ્રનાં લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, લોકસંગીત તથા ભક્તિસંગીતની ભવ્ય પરંપરાને પોતાના સંશોધકો થકી જગતના ચોક સુધી પહોંચાડનારા આ મનીષિ કવિ - સંશોધક - સર્જન - પત્રકારની વિદાયને સિત્તેર વર્ષ થયાં પરંતુ આજે પણ ગુજરાતની પ્રજા ભૂલી શકી નથી. કોઈ પણ જગ્યાએ રાસ, રાસડા, ગરબા, ગરબી, દુહા, છંદ, કવિત, સાખી, ભજન કે લોકવાર્તાઓ સાંભળીએ ત્યારે તુરત જ મેઘાણીભાઈનું સ્મરણ થાય. શબ્દના સાધક, શબ્દના પરખંદા, શબ્દના માલમી એવા મેઘાણીભાઈએ ગાયું છે :

શબ્દના સોદાગરોની ચાલી જાય વણઝાર જી,
ગગન કેડા ધૂંધરા એની રજ તણે અંબાડ, ચલ મન શબદને વેપાર જી....
આતમની એરણ પરે જે દિ' અનુભવ પછડાય જી
તે દિ' શબદ તણખા ઝરે, ને રગ રગ કડાકા થાય... ચલ મન શબદને વેપાર જી...
શબદ તણખે સળગશે, સૂની ધરતીના નિઃશ્વાસજી
તે દિ' શબદ લય પામશે, હોશે આપોઆપ ઉજાસ.... ચલ મન શબદને વેપાર જી.

એમની સામાજિક પ્રતિબદ્ધતા અન્ય લેખકોથી એમને જુદા પાડે છે. તે જાતે સક્રિય એવા સમાજ સેવક પણ હતા. જનનેતા પણ હતા. સ્વાતંત્ર્યસંગ્રામમાં સ્વાતંત્ર્ય સેનાની તરીકેનું એમનું કાર્ય એક સાહસવીરનું કાર્ય હતું. કોઈ પણ પ્રદેશની સંસ્કૃતિ અને જીવનસંસ્કારો ઉપર ત્યાંના સાહિત્ય, સાહિત્યકારો, વિચારકો, સંતો, સંપ્રદાયો, વર્તમાનપત્રો અને સામયિકોનો પ્રભાવ અનોખો હોય છે. માનવ-ઘડતરમાં, સુરુચિ કેળવવામાં અને આપણા પ્રાચીન ભવ્ય વારસાનું જત કરવામાં સમાજના જાગૃત પ્રહરી સમા કેટલાક આજીવન સેવાના ભેખદારી અવધૂતોએ પોતાના રક્તના એક એક બુંદ રેડીને છેલ્લા શ્વાસ લગી સંસ્કારસિંચનની જયોતને ઝાંખી થવા દીધી નથી. એમાંના એક હતા મેઘાણીભાઈ...

મૂળ શુદ્ધ હકીકતનિષ્ઠ ઘટનાઓ અને પ્રમાણભૂત સંતચરિત્રો

છેક ઈ.સ. ૧૯૨૪-૨૫થી એમણે સૌરાષ્ટ્રના સંતો તથા સંતસાહિત્યનું પરિશીલન શરું કરેલું. જુલાઈ ૧૯૨૭માં 'ભજનોનું લોકસાહિત્ય' નામને લેખ 'શારદા' માસિકમાં પ્રકાશિત થયો ત્યારબાદ ૧૯૨૮માં પ્રગટ થયો નવા 'લોકસંતો'ના ચરિત્રોનો ગ્રંથ 'સોરઠી સંતો.' સંતચરિત્રોની સાથોસાથ સૌરાષ્ટ્રનું ધાર્મિક વાતાવરણ, સંતોનું વિભાગીકરણ, સંતોની ફિલસૂફી, મેળાઓ, સંતોની, જગ્યાએ, ગૌ-સેવા, અન્નદાન, પરચા અને સંતો, પરચાનાં સત્યાસત્ય, ચમત્કારોના પરિણામ અને લંગોટધારી, ભભૂતધારી ગિરનાર, ખાખીબાવાઓ; બિનભજનિક, ધંધાર્થી, સંસારભોગી સત્પુરુષો, ભજનિક સંતો અને વાડીના સાધુઓ એમ ચાર વિભાગોમાં ઓળખ આપેલી.

- 'પુરાતન જયોત ' (ઈ.સ. ૧૯૩૮૫)

(૧) સંત દેવીદાસ
(૨) સંત મેકરણ
(૩) 'જેસલ જગનો ચોરટો'

'સંત દેવીદાસ' ૧૧૬ જેટલાં પૃથ્વોમાં પથરાયેલી, ૨૧ મણકાઓમાં વહેંચાયેલી કથા - વચ્ચે વચ્ચે ભજનો અને ભજનપંક્તિઓ પણ આવે, સંત દેવીદાસ, અમરબાઈ અને શાદુળભગત જેવા મુખ્ય ત્રણ પાત્રો. ઉપરાંત અમરબાઈના સાસુ, સસરો, પતિ, બગેશ્વરનો કાઠી જમીનદાર, જયરામશાહ, નૂરશાહ, આપા દાના, દાસી, જીવણ, રામવાળાનો માંગલબાઈ જેવાં ગૌણ પાત્રોની આસપાસ વિંટળાતા પ્રસંગતાંતણાઓ દ્વારા આ સંત કથાનું પોત સુઘટ્ટ રીતે વણાતું ગયું છે.

'સંત મેક(૨)ણ' ૨૭ પૃષ્ઠોમાં પથરાયેલી કથા. કચ્છી વાણી અને એના અર્થો સાથે લોકકંઠેથી જેવી મળી તેવી જ આલેખી છે. કચ્છના સંશોધક દુલેરાય કારાણીનો ઋણસ્વીકાર સાથે સંત મેકરણનો જન્મ, દત્તાત્રેયની દીક્ષા, ધ્રંગ-લોડાઈનું સ્થાનક, ધૂણો ચેતાવ્યો, લાલિયો ગધેડો ને મોતિયો કૂતરો એ બે પશુઓની સંગાથે લોકસેવા 'આગમ' ઉપદેશ ને સમાધિ જેવા પ્રસંગો વર્ણવે છે.

'જેસલ જગનો ચોરટો' ૧૫ જેટલાં ભજનો સાથે, આટ મણકામાં, કચ્છનો કાળઝાળ લુંટારું જેસલ જોડેજો ભાભીનાં મેણાંનો માર્યો સાંસતિયા કાઠીની તોળી ઘોડી, તલવાર અને રાણી તોળાંદેની ચોરી કરવા. જયોતનો પૂજક મહાપંથી સાંસતિયો અને તોળાંદે દ્વારા થતી બીજમારગી પાટ ઉપાસના. ઘોડારમાં સંતાયેલા જેસલના હાથની હથેળીમાં ઘોડીને બાંધવાનો ખીલો ઠોકવામાં આવે. શૂરવીર જેસલ અને દાનવીર સાંસતિયાનું મિલન. જેસલના આવવાનું પ્રયોજન જાણી તોરલની સંમતિ ઈશારાથી જ મેળવી સાંસતિયો ઘોડી, તલવાર અને તોળાંદે સોંપી દે. નવાનગરની ખાડીને કાંઠેથી ઘોડી સાથે મછવામાં, દરિયાનું તોફાન, જેસલને મોતની બીક, તોરલનો સધિયારો, પાપનો એકરાર અને જેસલનું પરિવર્તન, કચ્છ, અંજારમાં જેસલનાં થતાં અપમાનો - નિંદા, પાટનું વાયક, પેટમાંનો ગર્ભ... ઝાડની ડાળીએ ઘોડિયામાં. વાંદરી દ્વારા ઉપવાસ, તોરલને મૂર્છા, જેસલના આરાધને સજીવન થતી તોળાંદે, મારવાદના રૂપાંદે - માલદે સાથે મેળાપ, તોરલનું મેવાડગમન, જેસલનો આત્મત્યાગ તોરલ દ્વારા આરાધ. સમાધિમાંથી ઊઠવું, વિવાહ અને જોડાજોડ સમાધિ સુધીના પ્રસંગો આલેખાયા છે.

'સોરઠી સંતવાણી' ઝવેરચંદ મેઘાણી દ્વારા લોકભજનિકો પાસેથી પ્રાપ્ત કરેલી ભજનવાણીનો અભ્યાસ, આસ્વાદ અને સંચય આપતો સંપાદન ગ્રંથ છે. જેમાં ૩૨ જેટલા સંતકવિઓની ૧૦૪ ભજન રચનાઓ સંપાદિત કરવામાં આવી છે. આ ભજનોને છે ખંડમાં વહેંચવામાં આવ્યા. (૧) ધણી અને ધરતી, ભજન ૧૧ (૨) ભક્તિનો માર્ગ; ભજન ૧૦, (૨) નવધા ભક્તિ, જેમા ગંગાસતીનાં જ ૪૨ ભજનો; (૪) સતગુરુ; ભજન ૧૨ (૫) માનવ અવતાર; ભજન ૧૧ (૬) પ્રેમલક્ષણા ભક્તિ ભજન ૧૮.

ગ્રંથારંભે ૬૨ પાનાંના વિસ્તૃત અભ્યાસ લેખ 'પ્રવેશક'માં ૪૪ જેટલી ભજન રચનાઓની વિવિધ પંક્તિઓ સાથે સૌરાષ્ટ્રની ભજનવાણી, સૌરાષ્ટ્રનો ભક્તિ પ્રવાહ, ભારતીય ચિંતનધારા, મધ્યકાલીન રહસ્યવાદની ભૂમિકા, સોરઠી ભજનિક સંતોનો જીવન પરિચય, જેમાં ભાણસાહેબ, ખીમસાહેબ, રવિસાહેબ, મોરાર સાહેબ સંત, સંત હોથી, ત્રિકમસાહેબ અને દાસી જીવનણની વાણીમાંથી નમૂનારૂપ ભજનોની પંક્તિઓ, સંપાદન અભિગમ, વિભાગીકરણ, સંતવાણીથી પરિભાષા, યોગના પારિભોષિક શબ્દોનો અર્થ અને પરિચય, એમ વિવિધ સ્તરે સંતવાણીનો સુપેરે પરિચય આપે છે. તા. ૯ એપ્રિલ ૧૯૪૭ના રોજ એમની પહેલી માસિક પુણ્યતિથિએ 'સોરઠી સંતવાણી' પુસ્તકનું પ્રકાશન થયેલું.

– ડૉ. નિરંજન રાજ્યગુરુ

પ્રથમ પરણામ મારા માતાજીને કહેજો, માન્યું જેને માટીને રતનજી

લાગણીનો મેળો

રસિક વાળંદ

બીજા પરણામ મારા, પિતાજીને કહેજો રે,
ઘરથી બતાવી જેણે શેરી જી;
બોલી બોલાવ્યા અમને, દોરી હલાવ્યાચૌરે,
ડુંગરેદેખાડી ઊંચે દેરી જી.

- રા.વિ.પાઠક 'શેષ'

આજના પશ્ચિમી વાયરાની ડમરીઓથી ભારતીય સભ્યતા ઢંકાવા લાગી છે. આપણી સંસ્કૃતિની ઉમદા બાબતો વિસારે પાડી-ને- ઉછીના તેજ લઈ ઝગારો ફેલાવવામથીએ છીએ!! આજનો (કહેવાતો?!) ભારતીય રામનવમીના દિવસે ''માતૃ-પિતૃ પૂજન'' કરવાનું તો ભૂલી ગયો ને ''ફાધર્સડે'' ના રવાડે ચડ્યો છે!! આપણી વિશ્વગુરુસમી ભારતીય સંસ્કૃતિના ઉચ્ચતમ આદર્શોને મૂલ્યોની આપણે સૌએ જગતને પ્રતીતિ કરાવવી એ આપનો નિજી ધર્મ છે.... પ્રત્યેકે પોતાનો સ્વધર્મ બજાવવો જોઈએ.

આજના માબાપોએ વિચારવું પડશે કે તેઓ સાચાઅર્થમાં મા-બાપ છે- બન્યા ખરા?! કહેવાય છે ને કે સંતાન જ માબાપને જન્મ આપે છે અર્થાતસંતાનના જન્મ સાથે જ પતિ-પત્ની મા બાપનો દરજ્જો પામે છે... ફાધર્સડે ઉજવાનારી આ પેઢી ની સામે પ્રત્યેક પિતાએ વિચારવું પડશે કે, ''મેં મારો પિતૃધર્મ યથાર્થ નિભાવ્યો છે ખરો?!'' દોસ્તો, આપણી ભારતીય પરંપરા પિતૃ દેવો ભવઃ ની છે. આ ઈશ્વરીય સૃષ્ટિમાં અબજો જીવાત્મા ઓઈડજ–પીંડજ કે સ્વેદજ રૂપે દેહ ધારણ કરે છે અને દેહ છોડે છે. આમ જીવાત્મા સ્થૂળ દેહ છોડી સુક્ષ્મ્ દેહ રૂપે એટલે કે પાંચ જ્ઞાનેન્દ્રિય – પાંચ કર્મેન્દ્રિય – પ્રાણ – મન – બુદ્ધિ આમ સત્તર તત્વોનો બનેલો જીવાત્મા કર્માનુંબંધ– ઋણાનુબંધ વિકાસક્રમ કે જાગતિક જરૂરીયાત– આ ચાર પૂર્વજન્મના કારણો મુજબ વાસના સાથે સ્થૂળ દેહ છોડી બીજો જન્મ દેહ લેવા મેઘાડંબરમાં ફરતા હોય છે તે જીવાત્માઓ મેઘ-વૃષ્ટિ દ્વારા ભૂમિ પર ઉગેલા અન્ન – ફળ –ફળાદી ઉપર તેનો સ્પર્શ – તાદાત્મ્ય સંબંધ્ થતો હોય છે. તે તે અન્ન – ફળ –ફળાદી ખોરાક દ્વારા તે જીવાત્મા પુરુષના શરીરમાં જાય છે અને તે ખોરાકનું વીર્યમાં રૂપાંતર થતા જીવાત્મા-વિર્યાત્મા બને છે અને માતાના શરીરમાં જતા પુત્ર પુત્રી રૂપે શરીર ધારણ કરે છે. આમ આમ સૃષ્ટિના અબજો આત્મામાંથી એક આત્મા મારા માધ્યમ થકી ભગવાને સૃષ્ટિ ઉપર મોકલ્યો તો તે જીવાત્માનો સર્વાંગીણ વિકાસ કેમ થાય તે જોવાની મારી ફરજ છે. અને તે મારો પિતા તરીકેનો સ્વ-ધર્મ છે. જીવાત્માને સ્થૂળ દેહ માતાના શરીરમાંથી મળે છે પણ જયારે તેના શરીરનું નામાભિધાન થાય એટલે કે સંતાનના નામની પાછળ પિતાનું નામ લખાય છે. કારણ જીવાત્મા માટે શરીર છે. જીવાત્માના આધારે શરીર છે એટલે કે શરીર ગૌણ ગણાય અને જીવાત્મા મુખ્ય ગણાય... જે જીવાત્મા પુરુષના શરીરમાંથી સ્ત્રીના શરીરમાં આવ્યો છે તેથી પુત્રની પાછળ પિતાનું નામ લખાય છે . માતાનું નહીં – આ ઋષિઓનું 'કેટલું' ઊંડું તાર્કિક ચિંતન છે ! આજના વામણા–વેંતિયાસાક્ષરજનોએ સ્ત્રી –પુરુષનીસમાનતાને આગળ ધરી પુત્રના નામ પાછળ માતાનું નામ લખવાનો ઉધમાત મચાવ્યો... આવું છીછરું જ્ઞાન –અશાસ્ત્રીય બોલવાની ફેશનથી માનવ જીવનની શ્રદ્ધાને ધક્કેચઢાવી પાપ આદર્યું છે.

ખેર, કવિ શ્રી રા.વિ.પાઠક 'શેષ' એમના ''પ્રથમ પરણામ'' કાવ્ય લખ્યું છે;

પ્રથમ પરણામ મારા માતાજીને કહેજો,
માન્યું જેને માટીને રતનજી,
ભૂખ્યા રહી જમાડ્યા અમને
જાગી ઊંઘાડ્યા એવા
કાયાનાંકીધલાંજતનજી.''

કવિશ્રીએ ''મારા માતાજી'' શબ્દ 'માય મધર' આ જગતમાં એક ઈશ્વર પછીનું સ્થાન એટલે ''મા'' જે ''ભૂખ્યા રહી જમાડ્યા'' ને મારી દૃષ્ટિએ અહીં ''જતન'' શબ્દ મહત્વનો છે. કારણકે આપણે જે સર્વાંગ સુંદર છીએ –ઘાટીલા છીએ – કોઈ ખાંડખાંપણ નથી એનો શ્રેય ''મા એ કેટલું જતન કર્યું હશે?'' આપણે પડી નજઈએ, દાજી ન જઈએ–કેટકેટલી કાળજી રાખી છે. મારા કહેવાનો અર્થ એવો નથી કે જે વિકલાંગ કે ખાંડખાંપણ ધરાવે છે એની માતાએ દરકાર નથી કરી પ્...ણ.. ભૂખ્યા રહીને જમાડ્યા અમને જાગી ઊંઘાડ્યા એવા કાયાનાકીધાજતનજી....

દોસ્તો, જન્મથી મૃત્યુ સુધી જેટલું જીવ્યા – જેટલું જોયું – જાણ્યું અનુભવ્યું – જે કઈ કર્યું –લડ્યા–જગાડ્યા એ માટે કોના ઋણી છીએ?

''અર્પી દઉં સો જન્મ એવડું મા તુજ લ્હેણું'' માના પ્રેમનાં કોઈ લેખાંજોખાં ન હોય!! મા તે મા બીજા બધા વગડાના વા.... મા બાળકને મમતા – વાત્સલ્ય ભરી ભીતરનીભીનાશથી દુનિયાનો પરિચય કરાવે છે. તો બાપ પોતાની મક્કમતાથી બહારના જગતનો પરિચય કરાવે છે. પિતાનું(બાપનું) બલિદાન મૂંગું હોય છે. જે ક્યારેય સંતાનો સુધી પહોચતુંનથી,''મા'' રડી લે છે એટલે તેના આંસુ ગાલ પર દેખાય છે. બાપ રડી શકતો નથી તેનાં આંસુ હૃદયમાં ઊતરે છે જે ક્યારેય દેખાતાં નથી એટલે સંતાન ''બાપ''થી છેટું અને ''મા''થી નજીક રહે છે.જેણે આંગળી પકડીને ઘરેથીશેરીનેચૌરે.. અરે, ડુંગરેદેખાડી દેરી- બાપ કરતાં સવાયા થવા જીવનમાં ઉંચા લક્ષ્ય પ્રતિ દોરે છે... આમ મા સ્નેહ અને શ્રદ્ધા પૂરે અને બાપ સાહસ અને સાવધાનીભર્યું ઘડતર કરે છે. મા-બાપની લાયકાત માટે શિક્ષિત્-અશિક્ષિત્ હોવાનો ખ્યાલ નકામો પડે... કારણ અભણ બાપના સવાયા સંતાનો અસામાન્ય થયાના અસંખ્ય દાખલાઓ મોજૂદ છે.. ભલે ભણતરનાં અભાવ છતાં સમજદારીને સંતુલિતપણાનાગણતરે ઉત્તમ ઘડતરની રંગોળી પૂરી શક્યા!! તો બીજી તરફ હિરણ્યકશ્યપુ જેવા આસુરી બાપ સામે ખુલ્લો બળવો પોકારનાર પ્રહલાદ – દશરથનંદનનીઆજ્ઞાંકિતતાનેઅંધ માબાપને કાવડમાં લઈ તીર્થાટન કરાવનાર શ્રવણ... આપણા ઉદાત્ત ચારિત્રો...

આજના કાલિકાળમાં બધા પર્યાય બદલાયાનો અહેસાસ થાય છે ત્યારે બાપ તરીકેની જવાબદારી બહું મોટી અને પડકારજનક છે.. માત્ર જન્મ આપી ને કે જરૂરી ભૌતિક – સ્થૂળ –જરૂરીયાતો–સુખસુવિધાઓ પૂરી પાડીને છટકી ન જવાય... જીવંત બાપ બનવું પડે... સંતાનોનીભાવોર્મિઓને યોગ્ય દિશાદર્શન આપી સવાયા બનવાની તાકાત હોય તો જ સંતાન પેદા કરાય... જલેબી કે પેંડાવહેચીને સંતાન અવતર્યાની ખુશી ભલે વ્યક્ત કરીએ... પ..ણ.. મા-બાપને જીવનભર ખુશી અને ગૌરવ અપાવે એવા લાયક સંતાન બનાવવા

મા-બાપે લાયક બનવું પડે... લાયકાત કેળવવાનું ન ભૂલીએ... માત્ર હુકમો ચલાવવા કે વાતવાતમાં પોતાના ખાનદાનની ઈજ્જતનાં ગાણાં ગાવાં... ધંધા –વ્યવસાયના વારસાની નિરર્થક ચર્ચા છોડી પહેલાં તો તેને સભાન ને સારો માણસ બનાવો... પિતા એ જ ખુદ આદર્શમૂર્તિ બની સંતાનનાપીઠે હાથ ફેરવતાંફેરવતાંપ્રેમનાં પીયૂષ પીવડાવવાં પડે!! સાથે સાથે

અનુસંધાન પાના નં. ૭ પર